# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Friday** **National News**

### આકાશવાણી સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

*************************************************

- ✓ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે દેશભરમાં મહત્વના સ્થળોએ યોગાસનના કાર્યક્રમો યોજાયા- રાષ્ટ્રીય કક્ષાનો કાર્યક્રમ શ્રીનગરમાં..
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગુજરાતના અમદાવાદ મહાનગરપાલિકાની 30 સ્માર્ટ શાળાઓનું નારણપુરા સરકારી શાળા ખાતેથી ઇ-લોકાર્પણ કર્યું.
- ✓ ચૂંટણી પંચે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની મતદાર યાદી સુધારણાની કામગીરી હાથ ધરવાનો નિર્દેશ આપ્યો.
- ✓ રોઇટર સંસ્થાના તાજેતરના સર્વેક્ષણમાં આકાશવાણી સમાચાર સેવાને ભારતમાં સૌથી વિશ્વસનીય સમાચાર સેવા ગણવવામાં આવી..
- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે હજયાત્રિકો માટે આરોગ્ય સેવા અંગેનો દસ્તાવેજ આજે જાહેર કર્યો.
- ✓ વિદેશમંત્રી એસ. જયશંકરે ભારતની મુલાકાતે આવેલા બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના સાથે દિલ્હીમાં દ્વિપક્ષીય વાતચીત કરી...

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# YOGA-DAY---INDIA

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે આજે દેશભરમાં મહત્વના સ્થળોએ યોગાસનના કાર્યક્રમો યોજાયા છે. કાશ્મીરના શ્રીનગર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જોડાયા હતા અને તેમણે ઉપસ્થિતોને સંબોધન કર્યું હતું. પ્રધાનમંત્રીએ શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વૃધ્ધિમાં યોગનાં મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે,

## (બાઇટ- પ્રધાનમંત્રી)

તેમણે જણાવ્યું હતું કે, વિશ્વનાં અનેક દેશોમાં યોગ એ લોકોનાં દૈનિક જીવનનો ભાગ બની ગયો છે. તેમણે જણાવ્યું કે, વિશ્વનાં તમામ મોટા નેતાઓ યોગની ચર્ચા કરી રહ્યા છે.

શ્રીનગરનાં દાલ સરોવરનાં કિનારે આયોજિત કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રનાં સાત હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જમ્મુ કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા ઉપરાંત, કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ દેશવાસીઓને યોગ દિવસની શુભકામના આપતાં જણાવ્યું છે કે, યોગ એ માનવતાને ભારતે આપેલી અનોખી ભેટ છે.

દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીઓએ વિવિધ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આરોગ્ય મંત્રી જેપી નડ્ડા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની

વૈષ્ણવ તથા અન્યોએ  દિલ્હીનાં અલગ અલગ સ્થળોએ યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

લશ્કરના પદનામિત વડા લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને નૌકા દળના વડા દિનેશ કે ત્રિપાઠીએ પણ આજે સવારે યોગ કર્યા હતા.

દરમિયાન દેશભરમાંથી યોગ દિવસની ઉજવણીના અહેવાલો આવી રહ્યા છે. BSFના અધિકારીઓ અને જવાનોએ જમ્મુ અને કાશ્મીરમાં આરએસ પુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદની છેલ્લી પોસ્ટ પર યોગ કર્યા.

ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ભારત પાકિસ્તાન સરહદ પર નડાબેટ ખાતે થઇ હતી.. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને સ્વસ્થ જીવન માટે યોગને દૈનિક જીવનમાં અપનાવવા અનુરોધ કર્યો હતો. બીએસએફના સાથ સહકારથી યોજાયેલા આ કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો અને યોગાભ્યાસ કર્યો હતો.. ગાંધીનગરમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરિકોને યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો છે. ઉપરાંત, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં યોગાભ્યાસ કર્યો હતો.. તેમણે યોગને ભારત દ્વારા સમગ્ર વિશ્વ અને માનવતાને અપાયેલી અમૂલ્ય ભેટ ગણાવી હતી,..

રાજસ્થાનમાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને રાજ્ય મંત્રીમંડળના અન્ય મંત્રીઓએ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં યોગ કર્યા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યપાલ આનંદીબેન પટેલે લખનૌમાં યોગ કર્યા. વિદેશમાં પણ અનેક ભારતીય દૂતાવાસો ખાતે યોગના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

ન્યૂયોર્ક શહેરનાં પ્રતિકાત્મક ટાઇમ્સસ્કવેર ખાતે ગઇકાલે વિવિધ દેશોનાં 10 હજાર લોકોએ યોગ કર્યા હતા. વર્ષ 2015માં યોગ દિવસના પ્રારંભથી દેશ વિદેશમાં યોગનાં પ્રસારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહત્વની ભૂમિકા ભજવી છે...

# AMIT-SHAH-GUJARAT-VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગુજરાતના ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં આવેલી અમદાવાદ મહાનગરપાલિકાની 30 સ્માર્ટ શાળાઓનું નારણપુરા સરકારી શાળા ખાતેથી ઇ-લોકાર્પણ કર્યું છે..

આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે, અંદાજે 36 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ સ્માર્ટ શાળાઓ થકી આશરે 30 હજાર જેટલા બાળકોને નવી શિક્ષણ નીતિનો સીધો લાભ મળશે. તેમણે નવી શિક્ષણ નીતિ અંતર્ગત કૌશલ્ય અને ટેક્નોલોજી આધારિત શિક્ષણ આપવા માટેની મોદી સરકારની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી.

**(બાઇટ- અમિત શાહ)**

શ્રી શાહે કહ્યું હતું કે, ગાંધીનગર મત વિસ્તારમાં આવેલી 69 પ્રાથમિક શાળાઓમાંથી 59 શાળાઓ સ્માર્ટ શાળાઓમાં તબદીલ થઈ છે અને ટૂંક સમયમાં બાકી રહેલી 10 શાળાઓ પણ સ્માર્ટ શાળાઓ તરીકે વિકસાવવામાં આવશે.

# ECI--J-K-ASSEMBLY-POLLS

ચૂંટણી પંચે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની મતદાર યાદી સુધારણાની કામગીરી હાથ ધરવાનો નિર્દેશ આપ્યો છે. આગામી પહેલી જુલાઇએ મતદાર યાદીમાં સુધારણા કરવા માટેની પાત્રતા તારીખ નિર્ધારિત કરાઇ છે. આ સાથે જ જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયાની પૂર્વ તૈયારીનો આરંભ થયો છે. એવી જ રીતે ચૂંટણી પંચે હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની આગામી ચૂંટણી માટેની પૂર્વ તૈયારીઓ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, હરિયાણા અને મહારાષ્ટ્રની વર્તમાન વિધાનસભાની મુદ્દત આગામી નવેમ્બર મહિનામાં જ્યારે ઝારખંડ વિધાનસભાની મુદ્દત આગામી જાન્યુઆરીમાં પૂરી થશે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પંચે ગત પહેલી જાન્યુઆરી, 2024ને પાત્રતા તારીખ રાખીને બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની મતદાર યાદીની સુધારણા હાથ ધરી હતી.

# AKASHVANI NEWS- (MUST)

આકાશવાણી સમાચાર સેવાને ભારતમાં સૌથી વિશ્વસનીય સમાચાર સેવા ગણવામાં આવે છે. ઓક્સફોર્ડ યુનિવર્સીટીની પત્રકારત્વના અભ્યાસ માટેની રોઇટર સંસ્થાના તાજેતરના સર્વેક્ષણમાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. ડીજીટલ ન્યૂઝ રીપોર્ટ 2024ના આ સર્વેક્ષણમાં દેશભરમાં આવેલા મહત્વના સમાચાર સેવા ગૃહોની સરખામણીએ આકાશવાણી સમાચાર સેવાએ વિશ્વસનીય સમાચાર સેવાની શ્રેણીમાં નોંધપાત્ર ગુણ વધારે મેળવ્યા છે.

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સેહગલે સર્વેક્ષણના તારણોને આવકારતા જણાવ્યું છે કે, બધી જ પરિસ્થિતીઓમાં આકાશવાણી સમાચાર સેવાએ સત્ય અને વિશ્વસનીય સમાચારો પ્રસારિત કરવાની આકાશવાણી સમાચાર સેવાની મજબૂત પ્રતિબધ્ધતાનું આ પ્રમાણ છે.

# HAJ PILGRIMAGE- HEALTH MINISTRY

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે હજયાત્રિકો માટે આરોગ્ય સેવા અંગેનો દસ્તાવેજ આજે જાહેર કર્યો છે. આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ આ દસ્તાવેજનું વિમોચન કરતાં જણાવ્યું હતું કે, આ દસ્તાવેજમાં હજયાત્રા માટે સાઉદી અરેબિયા ગયેલા ભારતીય હજયાત્રિકો માટેની સર્વગ્રાહી આરોગ્ય સંભાળની વિગતો આપવામાં આવી છે. તેમણે કહ્યું કે, આ વર્ષે ભારતમાંથી હજયાત્રાએ એક લાખ 75 હજારથી વધુ હજયાત્રીઓ ગયા છે. જેમાં 40 હજારથી વધુ વરિષ્ઠ હજયાત્રીઓ છે.

હજયાત્રીઓ માટેની આરોગ્ય સેવા હેઠળ બે લાખથી વધુ ઓપીડી સેવાઓ હાથ ધરીને તબીબી ટીમોએ હજયાત્રીઓને જરૂરી તબીબી સેવાઓ પૂરી પાડી છે. શ્રી અપૂર્વ ચંદ્રાએ વધુમાં જણાવ્યું કે, હજયાત્રિકોનું મેડીકલ સ્ક્રિનીંગ હાથ ધરીને તેમને હેલ્થકાર્ડ આપવામાં આવ્યા છે તેમજ જરૂરી રસીકરણની કામગીરી પણ કરવામાં આવી છે...

ઉલ્લેખનીય છે કે, એનઆઇસી દ્વારા શરૂ કરાયેલ આરોગ્ય પોર્ટલમાં હજયાત્રિકોને અપાયેલી તબીબી સેવાની વિગતો ઉપલબ્ધ છે. જેદ્દાહ ખાતેના ભારતીય કાઉન્સ્યુલર જનરલે આરોગ્ય સેવા અંગેના આ દસ્તાવેજને વર્ચુઅલ માધ્યમથી આવકારતા ભારતીય તબીબોની સેવાઓને બિરદાવી છે.

# EVE. BANGLADESH PM VISIT

ભારત અને બાંગ્લાદેશના દ્વિપક્ષીય સંબંધો તાજેતરના વર્ષોમાં નવી ઉંચાઇએ પહોંચ્યા છે. વિદેશમંત્રી એસ. જયશંકરે ભારતની મુલાકાતે આવેલા બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના સાથે દિલ્હીમાં વાતચીત કર્યા બાદ આ મુજબ જણાવ્યું હતું... તેમણે કહ્યું કે, ભારતે પાડોશી દેશો પહેલા- એ નિતી અંતર્ગત બાંગ્લાદેશ સાથે સલામતી, વેપાર સહિત વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર વધાર્યો છે. બાંગ્લાદેશના પ્રધાનમંત્રીની આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ શ્રી જયશંકરે વ્યક્ત કર્યો હતો..

ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીના ભારતની બે દિવસની સત્તાવાર મુલાકાતે આજે દિલ્હી આવ્યા છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, આવતીકાલે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને મળશે. આવતીકાલે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં શેખ હસીના માટે ખાસ સ્વાગત સમારંભનું આયોજન કરાશે.

# T20 Cricket World Cup

આઇસીસી 20-20 ઓવરની વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાની સુપર-8 શ્રેણીમાં આજે ઇંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મુકાબલો થશે. ભારતીય સમય મુજબ, આ મેચમાં આજે રાતના આઠ વાગ્યાથી રમાશે.

દરમિયાન આજે સવારે એન્ટીગુઆ ખાતે રમાયેલી સુપર-8ની અન્ય મેચમાં ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશને 28 રને પરાજય આપ્યો છે. બાંગ્લાદેશે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 140 રન નોંધાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાએ 11 ઓવરમાં બે વિકેટે 100 રન નોંધાવ્યા ત્યારે વરસાદ પડતાં ડકવર્થ લુઇસ પધ્ધતિના આધારે ઓસ્ટ્રેલિયાને વિજયી જાહેર કરાયું....